**Capital World Pg 5, 12th April 2022**

# બિટકોઈન સહિતની ક્રિપ્ટો કરન્સીમાં કડાકો: બિટકોઈન પાંચ ટકા ડાઉન

**» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં છ ટકાનો ઘટાડો**

**કેપિટલ સંવાદદાતા તા.૧૧**

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં રકાસ યથાવત્ રહેતાં બિટકોઈન ૪૨,૦૦૦ ડૉલરની સપાટીની નીચે પહોંચી ગયો છે. વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે અને ફેડરલ રિઝર્વ મોટા પ્રમાણમાં વ્યાજદરમાં વધારો કરે એવી ભીતિ સેવાઈ રહી છે.

આવામાં યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે રશિયાએ કરેલા હુમલામાં હજારો લોકોનાં મોત થયાં છે. યુરોપિયન દેશોએ રશિયાથી ઓઈલ અને ગૅસની ખરીદી પર પ્રતિબંધ મૂકવા બાબતે ચર્ચાને આગળ વધારી છે. જોકે, જર્મનીએ આ પગલાની ગંભીર આર્થિક અસરને જોતાં તેનો વિરોધ કર્યો છે.

માર્કેટ કૅપિટલાઈઝેશનની દૃષ્ટિએ સૌથી મોટી ક્રીપ્ટોકરન્સી - બિટકોઈનનો ભાવ ચોવીસ કલાકના ગાળામાં લગભગ ૧.૬ ટકા ઘટીને ૪૧,૯૦૦ ડૉલરની નજીક પહોંચી ગયો છે. ઈથેરિયમમાં ૪ ટકાનો ઘટાડો થઈને ભાવ ૩,૧૦૦ ડૉલરની આસપાસ ચાલી રહ્યો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં છ ટકા (૪૦૫૩ પોઈન્ટ) ઘટીને ૬૦૦૧૩ પોઈન્ટ બંધ રહ્યો હતો.

## ક્રિપ્ટો કરન્સીના ભાવ

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટ ટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૪૦૫૮૪ | ૩૦૯૩૧૨૬ | -૪.૭૩ | -૧૦.૨૭ |
| એથેરિયમ (ETH) | ૩૦૦૭ | ૨૨૯૦૭૧.૯૩ | -૭.૪૧ | -૧૧.૫૯ |
| બિનાસ કોઇન (BNB) | ૩૯૯.૬૦ | ૩૦૪૮૪.૬૦ | -૪.૯૮ | -૭.૯૪ |
| XRP | ૦.૭૦ | ૫૩.૮૬ | -૬.૬૯ | -૧૩.૨૬ |
| ડોજીકોઇન | ૦.૧૪ | ૧૦.૬૫ | -૯.૦૬ | -૧.૮૮ |
| લાઇટ કોઇન (LTC) | ૧૦૩.૭૦ | ૭૮૭૯.૫૭ | -૭.૫૮ | -૧૫.૪૧ |